# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) ઊર્જા મંત્રી કનુ દેસાઇએ વર્ષ 2047 સુધીમાં ગુજરાતને કાર્બન ઉત્સર્જન મુક્ત બનાવવાની નેમ વ્યક્ત કરી-વિધાનસભામાં નાણા અને ઉર્જા વિભાગની માંગણીઓ પસાર

2) રાજ્યમાં કુલ 12 સામૂહિક આરોગ્ય કેન્દ્ર- CHCને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરાશે.

3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નાં હસ્તે રાજકોટ અને મોરબીમાં વિવિધ વિકાસકાર્યોનાં લોકાર્પણ અને શિલાન્યાસ.

4) અમદાવાદ મહાનગરપાલિકાના ફૂડ વિભાગે 500 કિલોથી વધુ નકલી પનીરનો જથ્થો જપ્ત કર્યો

5) અમદાવાદના 11 વર્ષનાં માનવ પટેલની અંડર 14 ભારતીય ફુટબોલ ટીમમાં પસંદગી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJRAT - ENERGY DEMANDS

ઉર્જા મંત્રી કનુ દેસાઇએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ગુજરાતને કાર્બન ઉત્સર્જન મુક્ત બનાવવાની નેમ વ્યક્ત કરી છે. વિધાનસભામાં આજે ઉર્જા વિભાગની માગણી પરની ચર્ચા દરમિયાન , શ્રી દેસાઇએ રાજયમાં 100 ગીગાવોટથી વધુની હરિત ઉર્જા ક્ષમતા સ્થાપવાની સરકારની પ્રતિબદ્ધતા દોહરાવી હતી, તેમણે કહ્યું હતું કે,

ઉર્જા મંત્રાલય દ્વારા દેશની 42 સરકારી વીજ વિતરણ કંપનીઓને A+ રેટિંગ આપવામાં આવ્યું છે જેમાં રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત , શ્રી દેસાઇએ જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ વિસ્તારોમાં અંદાજે 509 કરોડ રૂપિયાના ખર્ચે 16 હજાર 570 કૂવાનું વીજળીકરણ કરાશે તેમજ આગામી વર્ષે 6 હજાર 830 કરોડ રૂપિયાના ખર્ચે 3 હજાર 170 સર્કિટ ટ્રાન્સમિશન લાઇન તથા 96 સબસ્ટેશનો બનાવાશે.

તેમણે કહ્યું હતું કે , કચ્છ, ભાવનગર તેમજ ભરૂચ ખાતે એક હજાર 250 મેગાવોટ લિગ્નાઇટ આધારિત પાવર પ્લાન્ટ સ્થપાશે. ચર્ચા અંતે વિધાનસભામાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની વર્ષ અંદાજપત્રીય માંગણીઓ પસાર થઈ હતી

. . . . . . . . . . . . .

# KANU DESAI FINANCE DEMANDS

રાજ્યમાં કરદાતાઓની સંખ્યામાં 145 ટકાનો વધારો થયો છે. વિધાનસભામાં નાણાં વિભાગની અંદાજપત્રીય માગણીઓ રજૂ કરતાં નાણાં મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે, રાજ્યમાં કુલ 12 લાખ 46 હજાર 581 કરદાતા નોંધાયા છે.

તેમણે જણાવ્યું કે રાજ્યના જાહેર દેવાના પ્રમાણમાં ઉત્તરોત્તર ઘટાડો થતાં વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યનું જાહેર દેવુ 15.58 ટકા થવાનો અંદાજ છે , જે 27.10 ટકાની નિયત મર્યાદા કરતાં ઘણું ઓછું છે. જીએસટી રિટર્ન ફાઇલિંગ અને ઇ-વે બિલ ચકાસણીમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. તેમણે જણાવ્યું કે કેન્સરની દવાઓ પર વેરાનો દર 12 ટકાથી ઘટાડી 5 ટકા કરાયો છે.

પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ રાજ્યમાં આશરે એક કરોડ 92 લાખથી વધુ ખાતા ખોલવામાં આવ્યાં છે. તેમણે કહ્યું ૧૫ ફેબ્રુઆરી , ૨૦૨૫ સુધીમાં રાજ્યના કુલ 3 કરોડ 63 લાખ રેશનકાર્ડ ધારકોનું આધાર e-KYC કરાયું છે. ચર્ચા અંતે વિધાનસભાગૃહ ખાતે નાણા વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરાઈ.

. . . . . . . . . . . . .

# RUSHIKESH CHC

રાજ્યના કુલ 12 સામૂહિક આરોગ્ય કેન્દ્ર- CHCને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરાશે. વિધાનસભામાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, વર્ષ 2011ની વસતિ ધોરણ અને નિયત માપદંડો પ્રમાણે રાજ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર P.H.C, સામૂહિક આરોગ્ય કેન્દ્ર C.H.C, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની સંખ્યામાં કોઇ ઘટ નથી.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું કે , ગયા વર્ષે 10 સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવામાં આવ્યા હતા. આ વર્ષના બજેટમાં તાપી જિલ્લાનું નીઝર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનું કલ્યાણપુર એમ બે કેન્દ્ર વિચારણા હેઠળ હોવાથી આ વર્ષે થરાનો સમાવેશ થઇ શક્યો નથી. અન્ય એક પ્રશ્નના જવાબમાં શ્રી પટેલે જણાવ્યું , છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં હ્યુમન મેટાન્યુમોવાઈરસ-HMPVના નોંધાયેલ કુલ 10 કેસમાંથી એક પણ દર્દીનું મૃત્યુ થયુ નથી.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA

વિધાનસભામાં આજે વિવિધ વિભાગોની પ્રશ્નોતરી હાથ ધરાઇ હતી જેમાં મંત્રીઓએ જવાબ આપ્યા હતા. સાંભળીએ ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતાનો એક અહેવાલ...

(વોઈસ કાસ્ટ – દુર્ગેશ મહેતા)

. . . . . . . . . . . . .

# CM RAJKOT

સરકારી યોજનાનો લાભ જરૂરિયાતમંદ સુધી પહોંચડવામાં રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજકોટમાં વિચરતી-વિમુક્ત જાતિના તથા પ્લોટના લાભાર્થીઓને સનદ વિતરણ, પંડિત દીનદયાળ આવાસ યોજનાના લાભાર્થીઓને હુકમ વિતરણ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું સંતાનોને ભણાવશો તો આવનારી પેઢી ઈચ્છા મુજબની તૈયાર થશે. રાજકોટ મહાનગર પાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના 565 કરોડ 63 લાખ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરતાં શ્રી પટેલે જણાવ્યું , શહેરીકરણ માટે ગત વર્ષ કરતાં 40 ટકાના વધારા સાથે 30 હજાર 325 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# CM MORBI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મોરબીમાં 187 કરોડથી વધુના ખર્ચે 49 વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા.

આ પ્રસંગે સંબોધન કરતાં , મુખ્યમંત્રીએ માળખાકીય સુવિધા આપવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું. રાજ્યમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત 15 હજારથી વધુ ગામોમાં 80 હજાર કિલોમીટરના માર્ગ બનાયા હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

(બાઇટ--ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , બેઠકમાં આરોગ્ય કર્મચારીઓની હડતાળ , ઉનાળાની શરૂઆતમાં સિંચાઈ માટે ખેડૂતોને આપવાના પાણી , ગરમી વધતાં તકેદારી અને રાહતના પગલા , તુવેર અને મગફળીના ટેકાના ભાવે ખરીદીમાં થયેલા આક્ષેપ , ગત બે દિવસમાં ગૃહમાં રજૂ થનારા ખરડા તેમ જ ગ્રામ પંચાયતોની અટકેલી ચૂંટણી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# AHM NAKLI PANEER

અમદાવાદ મહાનગરપાલિકાના ફૂડ વિભાગે 500 કિલોથી વધુ નકલી પનીરનો જથ્થો જપ્ત કર્યો છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે વસ્ત્રાલ, નિકોલ, ગોતા અને જીવરાજ પાર્ક વિસ્તારમાંથી પકડાયેલો આ જથ્થો મહેસાણા અને રાજસ્થાનથી મંગાવાયો હતો. પનીર એનાલોગ તરીકે ઓળખાતું આ નકલી પનીર દુકાનો અને હોટલમાં વેચાતું હોવાનું સામે આવ્યું હતું.

ફુડ વિભાગની ટીમે નિકોલ નજીક સતનામ ડેરી પ્રોડક્ટ દુકાનમાંથી 144 કિલો, વસ્ત્રાલની શક્તિ ધારા સોસાયટીમાં ગોડાઉનમાંથી 119 કિલો , ગોતામાં શ્રી ક્રિષ્ના ડેરીમાંથી 199 કિલો અને એક આઈસ્ક્રીમ દુકાનમાંથી 35 કિલો , તેમજ જીવરાજ પાર્ક નજીક વિજય ડેરીમાંથી 11 કિલો નકલી પનીરનો જથ્થો મળી આવ્યો હતો.

. . . . . . . . . . . . .

# Governor Dantiwada

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું છે કે , સમગ્ર દેશમાં પહેલી એપ્રિલથી શરૂ થનાર રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશનથી દેશમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધશે.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલા પ્રાકૃતિક ખેતી પરિસંવાદને સંબોધતા રાજ્યપાલે કહ્યું કે, આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગવાન બનાવવા વિશેષ પ્રયાસો હાથ ધરાશે.

આ કાર્યક્રમમાં શ્રી દેવવ્રતે પ્રાકૃતિક ખેતી કરતા વિવિધ રાજયોના ૯ ખેડૂતોને સન્માનિત કર્યા હતા.

. . . . . . . . . . . . . .

# Football Tournament Selection

અમદાવાદના નિકોલમાં રહેતા 11 વર્ષનાં માનવ પટેલની 14 વર્ષથી ઓછી વયના ખેલાડીઓની ભારતીય ફુટબોલ ટીમમાં પસંદગી થઈ છે.

આઠ વર્ષની વયથી ફુટબોલ રમી રહેલા માનવે માત્ર ત્રણ વર્ષના ગાળામાં ફુટબોલ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિઓ મેળવી છે. દસ હજાર જેટલા બાળકોમાંથી આ ટીમમાં પસંદગી પામી માનવે રાજ્યનું ગૌરવ વધાર્યું છે. દરરોજ પાંચથી છ કલાક ફુટબોલની તાલીમ કર્યા બાદ માનવે આ સિદ્ધિ મેળવી હોવાનું તેના કોચ અર્જુનસિંહ ભદોરીયાએ જણાવ્યું છે. માનવ આર. પી. વસાણી ઇન્ટરનેશનલ સ્કૂલમાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે છે.

. . . . . . . . . . . . .

# Botad Library

બોટાદ તાલુકાના બોડી ગામમાં ગામના આગેવાનો દ્વારા બનાવવામાં આવેલી લાયબ્રેરીમાં અભ્યાસ કરી ગામના 200 જેટલા દીકરી અને દીકરાઓ સારી સરકારી તેમજ ખાનગી નોકરીમાં જોડાયા છે.

છ થી સાત હજારની વસ્તી ધરાવતા આ ગામમાં સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરતાં વિદ્યાર્થીઓ માટે 2013માં આ લાઇબ્રેરી બનાવવામાં આવી હતી.

નોકરી મેળવનાર વિદ્યાર્થી પ્રકાશભાઈ ધનવાણિયાએ કહ્યું કે , ગામમાં લાઇબ્રેરી શરૂ થતા અમને મોટો લાભ થયો છે.

(બાઈટ -પ્રકાશભાઈ ધનવાણિયા....નોકરી મેળવનાર)

. . . . . . . . . . . . .

# Ahmedabad SEWAGE MANAGEMENT

અમદાવાદ શહેરમાં ચોમાસા દરમિયાન ઊભરતા ગટરના પાણીની સમસ્યાનું 70 ટકા કામ પૂર્ણ કરી દેવાયું છે.

અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિગ કમિટિના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું કે , કોર્પોરેશન દ્વારા વૈષ્ણોદેવી સર્કલથી ફતેવાડી કેનાલ સુધીનું ગટર લાઈનનું કામ હાલ પૂર જોશમાં ચાલી રહ્યું છે. આગામી બે મહિનાની અંદર બોપલ, શેલા, થલતેજ, હેબતપુર વગેરે વિસ્તારોમાં ગટરના પાણીની સમસ્યાથી છુટકારો મળશે

. . . . . . . . . . . . .

# Surat Stoppage

આગામી પહેલી એપ્રિલથી સુરત સ્ટેશન પર મોટાભાગની ટ્રેનોના સ્ટોપેજ ફરી આપવામાં આવશે.

પશ્ચિમ રેલ્વેની સત્તાવાર યાદી મુજબ પ્લેટફોર્મ નંબર 2 અને 3 પર ચાલી રહેલા સુરત સ્ટેશન પુનઃવિકાસ કાર્યનો બીજો તબક્કો પૂર્ણ થઈ ગયો છે. આ કામના લીધે જે ટ્રેનોને અસ્થાયી રૂપે વૈકલ્પિક સ્ટેશનો પર સ્થાનાંતરિત કરવામાં આવી હતી તેમાંથી મોટાભાગની ટ્રેનનું પરિચાલન પહેલી એપ્રિલથી ફરી કાર્યરત થશે. જોકે, તાપ્તી લાઇન પરની બધી ટ્રેનો , નંદુરબાર, જલગાંવથી આવતી અને જતી ટ્રેનોનું ઉધના સ્ટેશન પર સ્ટોપેજ ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . .